સાલ : ૫ / સિલસિલાવાર નંબર : ૫૪ / શુમારો : ૬ بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ કુલ પાના - ૧૨+૨

# الهادي

THE GUIDE

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ જુમાદીલ આખિર ૧૪૨૯ હી., ૪-૬-૨૦૦૮

## -::: મૂઁગા દાઈઓ :::-

અબુ અબ્દિલ્લાહ મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક બિન ઈમામ અલ-બાકિર (અ.સ.) થી રિવાયત છે કે, કૂફાથી આપના શીઆમાંથી કેટલાક લોગો આપ મૌલાના કલામ સાંભલવા વાસ્તે અને આપથી ઈલ્મ હાસિલ કરવા વાસ્તે આપની ખિદમતમાં આવા. એ લોગોથી જહાઁ તક બનું વહાઁ તક મદીનતુલ મુનવ્વરામાં રહ્યા અને આપ મૌલાની હઝરતમાં આવ જા કરતા રહ્યા અને આપથી કલામને સાંભલતા રહ્યા, શીખતા રહ્યા. જે વક્ત વદાઅનો વક્ત આવો, રૂખ્સતી વાસ્તે અરઝ કીધી તો તેમાંથી બાઝ શખ્સો એ એમ કહ્યું કે, અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ફરઝંદ, અય હમારા મૌલા, આપ હમને કંઇક વસીયત ફરમાવીએ ! આપ (અ.સ.) એ ફરમાવું કે, “અય મારા મુખ્લિસ મુમેનીન, મેં તમને અલ્લાહના તકવાની વસીયત કરૂં છું, અલ્લાહની તાઅત કરવાની અને તેના ફરમાન મુજબ અમલ કરવાની, અલ્લાહની નારાઝગીથી દૂર રહેવાની, અમાનતને અદા કરવાની વસીયત કરૂં છું. જે તમને અમીન બનાવે એની અમાનતને બરાબર અદા કરતા રહેજો, જેની તમેં સોહબત કરો એના સાથે બહેતર સુલૂક કરજો. હજી **મેં તમને એ વસીયત કરૂં છું કે, તમેં હમારા ખામોશ દાઇઓ બનો (ચુપ રહીને દાઅવત આપનાર થાવ).”**

અરઝ કરવામાં આવી કે, અય ફરઝંદે રસૂલ (સ.અ.), ભલા હમેં ખામોશ રહીને આપની તરફ દાઅવત કેવી તરહ કરીએ ? આપ (અ.સ.) એ ફરમાવું કે, હમેં તમને જે જે અમર-હુકમ કરીએ તે મુજબ અમલ કરતા રહો, અલ્લાહની તાઅત મુતાબિક.......... અને જે જે મુન્કર-હરામ ચીઝોથી હમેં તમને રોકીએ યાઅની અલ્લાહે જે જે ચીઝોને હરામ કીધી છે તો તેનાથી તમેં રૂકી જાવ. સદાકત-સચ્ચાઇ અને અદલો ઈન્સાફથી લોગો સાથે મુઆમેલાત કરતા રહો, અમાનતને અદા કરતા રહો, નેકીનો હુકમ કરતા રહો, મુન્કરથી-બદીથી મના કરતા રહો. લોગો તમને જોઈ તો ખૈર હાલતમાં જ જોઈ, આ તરહ લોગો તમારામાં ખૂબીઓ ને જોશે અને કહેશે કે, **“આ ફલાઁ લોગોનો ફિરકો છે, ફલાઁ ઇમામને ખુદા રહેમત કરજો કે એના અસ્હાબને કેટલા બેહતરીન આદાબ શીખાવે છે.”** આ મિસિલ થાવાથી લોગો હમારા મઝહબની ખૂબીથી વાકિફ થાશે અને હમારા તરફ દોડતા આવશે અને હમારી સોહબતના મોહતાજ થાશે. આ તરહ તમેં ખામોશ રહીને હમારા કૌલને અમલમાં તબદીલ કરશો તો ખુદ તમારા અમલ કૌલ બનીને બોલી ઉઠશે અને લોગોને હમારા તરફ દાઅવત દેશે.

આ રિવાયતની આસાન મિસાલ એ અપાય કે, કોઈ પરહેઝગાર શખ્સ એના બે-ત્રણ દોસ્તો સાથે ઊભેલો હોય અને નમાઝ વાસ્તે અઝાન થાય. ફૌરન એ વુઝૂ વાસ્તે દોડી જાય, તો એનો આ અમલ, કોઈ ચીઝ બોલા બગૈર નમાઝ પઢવાની એહમીયતને ઉભારે છે. બીજી મિસાલ એ આપી શકાય કે, કોઈ દૌલતમંદ એના એવા સાથીદાર સાથે છે જે ગરીબ તબકાનો છે. હવે કોઈ સાઈલ આવે અને એ સાથીદાર પોતાની નૈક આદત મુજબ એની તાકત મુજબ સદકો કરી દે, તો એનો આ અમલ તે દૌલતમંદ શખ્સને વિચારમાં નાખી દે છે અને ખુદ પણ એ મુજબ નૈકી કરે એમ દાઅવત દે છે. હજી કહી શકાય કે, બધા થાલમાં જમવા બેસા હોય, જેમાંથી એક અદબવાલો બાતહઝીબ શખ્સ બરાબર ઈત્મેનાનથી, ધીમે-ધીમે, અદબથી, પગવાલીને જમતો હોય તો એનો આ અમલ બીજા જમનાર જે આ અદબનો ખયાલ નથી રાખતા, તેમને જમવાની અદબો વાસ્તે ઘણું કહી જાય છે. જો ઈન્સાન પોતાના દિલ, ઝમીર અને આઁખને બરાબર ઈસ્તેમાલ કરે તો તે બીજાના અમલથી ઘણા નૈકીના કામો જાણી શકે છે, શીખી શકે છે.

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**જે શખ્સ તાઅતે ખુદાથી હાથને ઝટકે તો યૌમે કયામત એને કોઈ બચાવનાર નહીં હોય.**

*(પેજ નં. ૧ નું બાકી)* ***મૂઁગા દાઈઓ....***

અય મુમેનીન ! હમેં પણ અલ્લાહતઆલાની આ અબદી-અઝલી, હમેશા રહેનારી દાઅવતના ફરઝંદો છીએ. ઉપર મઝકૂર વસીયતે ઈમામ, જેમાં મૂંગા દાઈઓ બનવાની નસીહત છે, તો હમને પણ એ સમઝવું જોઈએ કે, **હમેં હમારા હર નૈક અમલ અને આઅલા અખ્લાકથી લોગોને અચ્છાઇ તરફ દાઅવત કરીએ.** અમલ, કૌલ કરતા ઝિયાદહ તાકતવર અને ગહેરી છાપ સામેવાલાના ઝમીર પર છોડી શકે છે. હર કોઈ બોલી શકે છે, મગર અમલ કરીને બતાવવું થોડું મુશ્કિલ છે. જો મુશ્કિલ ઉઠાવીશું તો જ આઅલા દરજા પર પહોંચીશું અને લોગોના દિલોમાં અઝીઝ થઈશું. અલ્લાહતઆલા રહેમત કરજો મુમેનીન ઉપર જેઓએ પોતાના ઈમાન સાથે ખૈર આઅમાલને જોડેલા છે અને મૂઁગા દાઈઓ બનીને બીજાને ઈમાન તરફ ઈઝન આપે છે. ★

## -::: દીવાને મૌલાના અલી (અ.સ.) :::-

### ઈમામ હુસૈન (અ.સ.) ને નસીહતે અલવી

✦ **"અ હુસૈનો ઇન્ની વાએઝુન વ મોઅદ્દેબૂ, ફફહમ ફ ઇન્નલ આકેલલ મોતઅદ્દેબૂ"**

તશરીહ : અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, અય હુસૈન, હું શીખામણ દઉં છું, અદબ દઉં છું તે તમેં બરાબર સમઝો. આકિલ શખ્સ તે છે જે અદબનો લેનાર હોય, તાઅલીમ ને હાસિલ કરનાર હોય.

✦ **"વહફઝ વસીયતા વાલેદિન મોતહન્નેનિન, યગઝૂકા બિલ આદાબે કયલા યાઅતબૂ"**

તશરીહ : તમારા મહેરબાન બાવાજીની વસીયતને બરાબર યાદ રાખો. તમને અદબનો ખોરાક આપે જેથી તમેં ખરાબીથી હલાક થાશો નહીં.

✦ **"અ બોનય્યા ઇન્નર રિઝકા મકફૂલુન બેહી, ફઅલયકા બિલ ઇજમાલે ફીમા તત્લોબૂ"**

તશરીહ : અય મારા ફરઝંદ, બેશક દુનિયાની રોઝી અલ્લાહતઆલા તરફથી ઝામિનગીરીમાં મીલી છે યાઅની કે જે અલ્લાહતઆલાને મુકર્રર કીધેલી છે તે જ રોઝી મીલશે. તો તમારા પર લાઝિમ છે કે, અગર તમારી રોઝી તલબ કરો તો બેહતર તરીકાથી પડાપડી કીધા બગૈર તલબ કરો.

✦ **"લા તજઅલન્નલ માલા કસબોકા મુફરદન, વ તોકા ઇલાહેકા ફજઅલન મા તકસિબૂ"**

તશરીહ : ફક્ત એકલા માલને જ કમાઈને દુનિયાની કમાઈમાં ન ગીનજો. તમારી કમાઈને હાસિલ કરતા પહેલા દિલમાં તમારા ખાલિકનો ખૌફ રાખવો ઝરૂરી છે.

✦ **"કફલલ ઇલાહો બેરિઝકે કુલ્લે બરીયતિન, વલ માલો આરિયતુન તજીઓ વ તઝહબૂ"**

તશરીહ : અલ્લાહતઆલાએ હરએક પૈદાઈશને રોઝી પહોંચાવવાની ઝામિનગીરી લીધી છે, (તો તમેં સમઝો) કે માલ તો ઊછીની લીધેલી ચીઝ મુજબ છે કે, જેવો આવે છે તેવો જતો રહે છે.

✦ **"વર રિઝકો અસરઓ મિન તલફફોતે નાઝેરિન, સબબન ઇલલ ઇન્સાને હીના યોસબ્બેબૂ"**

તશરીહ : માલ યા રોઝી તો આઁખની મિચકાર કરતા પણ ઝિયાદહ જલ્દી ઈન્સાનને પહોંચે છે. અલ્લાહતઆલા તરફથી ઈન્સાન (ની રોઝી) વાસ્તે કોઈ સબબ બને છે તો એ સબબ (ઝરીઆ) માં વાર લાગતી નથી. યાઅની કે એના વાસ્તે કોઈ દસ્તૂર મુકર્રર નથી. ★

## Promise Yourself

Promise yourself to be so strong that, nothing can disturb your peace of mind. To take health, happiness and prosperity to every person you meet, to make your friends feel that there is something in them.

- To look at the sunny sides of everything, and make your optimism come true. To think only of the best, to work only for the best and to expect only the best.
- To be just as enthusiastic about the success of others, to forget the mistakes of the past and press on to the greater achievements of the future.

*(Cont. to page No. 5)*

**જે શખ્સ શરમના કમીસને ફેંકી દે તો એની ગીબત કરવી, ગીબત ન કહેવાય.**

## અખ્બારે દોઆતે મુત્લકીન

### ૨૭માં દાઈએ મુત્લક

# સૈયેદના દાઊદજી બુરહાનુદ્દીન બિન સૈયેદી કુતુબશાહ બિન ખ્વાજા બિન અલી બિન યુનૂસ (ક.રૂ.)

### ઉર્સ : ૧૫ જુમાદિલ આખર (કિસ્ત : ૧)

✤ સૈયેદના દાઊદજી બિન અજબશાહ (આ.કુ.) ના ઈન્તેકાલ પુરમલાલ બાદ આપના હમનામ અને આપના મન્સૂસ મૌલાના દાઊદજી બિન કુતુબશાહ મુલ્કે દાઅવતના સુલતાન થયા. જેમ અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **યા દાઊદો, ઇન્ના જઅલનાકા ખલીફતન ફિલ અર્ઝ**, યાઅની અય દાઊદ નબી, હમેં તમને ઝમીનમાં હમારા ખલીફા બનાવા. આ આયતે શરીફાની માઅના ઝાહિર થઈ અને દીને હક્કના અરકાન બલંદ થયા. શરીઅતના થાંભલા મઝબૂત થયા, દાઅવતની નહેજ-રસમ ઝિંદા થઈ અને હિંદના દોઆતમાં આપ ચોથા દાઈ થયા અને ઈત્લાકના સિલસિલાના ૨૭માં થયા.

✤ આપની ફેયૂઝાત, બરકાત, સઆદાત અને હિદાયાતથી અહલે દાઅવત આબાદ અને શાદ થયા. આપની અને આપને પછી આવનાર એક બાદ બીજા દોઆત જે આપના મન્સૂસ હતા તેમની પૈરવી કરનાર મુમેનીનની બોહરા કૌમ નામની બેમિસાલ શનાખ્ત જહાનમાં મશ્હૂર થઈ. **જેમ અલ્લાહતઆલાએ નબી દાઊદ (અ.સ.) ને જમાલ અને કમાલ બખ્શો હતો તે મુજબ જ આપને રોઅબો જલાલ અને સીરતો સૂરત બખ્શી હતી.** આપ સૈયેદનાની વિલાદત બાસઆદત ૨૩ રબીઉલ અવ્વલ ૯૪૬ હિ. માં જુમેરાતે વાકેઅ થઈ હતી. આપના માઁ સાહેબાનું નામ ઈજલ ગૂરી બિન્તે અલી જૌહરી છે, જે સાહબાએ કુરઆન હિફઝ કીધા હતા અને આઅલા અખ્લાકથી ઝીનતદાર હતા.

✤ માઁની નૈક તરબીયતના આસાર આપ સૈયેદનામાં ઝાહિર થયા અને આપે પણ કિતાબુલ્લાહ ખૂબ નાની ઉમરમાં હિફઝ કીધા, અરબી ઝબાનનું નેહવ-સર્ફ (ગ્રામર) પઢા અને તેમાં કમાલ હાસિલ કીધો. તે ઝમાનના શૈખુલ મશાઈખ અલ-મૌલા અલ-ફાઝિલ મૌલાઈ રાજ બિન જાઅફર (રિ.અ.) આપનો ખૂબરૂ ચહેરો અને ખૂએખુશ (નૈક સીરત) જોઈને ફરમાવતા કે, અય દાઊદ, આપ દુનિયા અને આખેરતમાં સઈદ છો. આપે ઈલ્મની તેહસીલ મીયાઁ શમ્ઊન બિન જાઅફરથી કીધી અને આપ રાત-દિન દાઅવતના કિતાબોના મુતાલેઆ-દરસમાં રહેતા. ૧૫ વરસની કલીલ ઉમરમાં સૈયેદી હસન બિન નૂહ સાહબ (આ.કુ.) ની **"કિતાબુલ અઝહાર"** ના મુતાલેઆ તક પહોંચા અને તે જ વરસમાં દાઈયુઝઝમાને આપને મફસૂહીયત યાઅની મુલ્લાપનાના શરફથી મખ્સૂસ કીધા. તે બાદ ચંદ અય્યામમાં આપના માઁ સાહેબા દુનિયાથી રહેલત કરી ગયા અને આપના બૈરો રાનીબુ સાહેબા પણ વફાત થયા. આ સાહેબા પણ આપની તરહ કુરઆનના હાફેઝા હતા. તે જ અરસામાં આપના બાવાજી સાહબ મૌલા કુતુબશાહ પણ વફાત થયા. આ તીન ગમનાક વાકેઆને બાવુજૂદ આપ અલ્લાહની કઝા-કદર પર રાઝી રહી સાબિરો શાકિર રહ્યા.

✤ ૨૧ વરસની ઉંમરમાં આપ હજ્જે બૈતુલ્લાહ તશરીફ લઈ ગયા અને વહાઁથી હિંદ તરફ પાછા આવતી વક્ત યમનમાં દાઈયુઝઝમાન સૈયેદના યૂસુફ નજમુદ્દીન બિન સુલૈમાન (ક.રૂ.) ની હઝરતે આલીયાહમાં કદમબોસી અને દીદારના શરફ વાસ્તે પધારા અને એક મુદ્દતે દરાઝ તક હઝરતે યુસૂફીયાહમાં યમનમાં મુકીમ રહ્યા અને દાઅવતે આલે મોહંમદ (સ.અ.) ના ઈલ્મના જૌહર અને ગૌહરથી આરાસ્તા થયા.

✤ હિન્દ પહોંચા બાદ દાઅવતે હાદીયાહની ખિદમતમાં મુસ્તઈદ રહ્યા અને સૈયેદના ફખરૂદ્દીન જલાલ (આ.કુ.)ની મજલિસના રૂકન થયા. આપ પર નઝર કરીને સૈયેદના હર વક્ત ફરમાવતા કે, અય લોગો, આ નૌજવાન આલે મોહંમદના જવાહિર માંથી એક જૌહરે આબદાર થાશે. દાઅવતની ખિદમત લઈ ઉઠશે અને દાઅવતની ઈઝઝતને દૂરો દરાઝ શહેરોમાં પહોંચાવશે. જેમ દાઅવતના કિતાબોમાં બયાન છે કે, **"અદ્દાઇ યનઝોરો બેનૂરિલ્લાહ"**, યાઅની અલ્લાહના દાઈ અલ્લાહના નૂરથી નઝર ફરમાવતા હોય છે, તેથી સૈયેદના જલાલ સાહબે ઝમીન પર અલ્લાહના હુજ્જત અને વલીએ હક્ક ઈમામુઝઝમાન (અ.સ.) ના ઈલ્હામ અને તાઈદથી બેસાખ્તા ફરમાવું કે,**"મારે બાદ બે દાઊદ છે."** ★

**શિર્ક, તમામ બદઅખ્લાકી, બદઆઅમાલી અને નજાસતો નો મજમૂઓ છે.**

## -::: તારીખી નવાદેરાત :::-

### ✪ દાઅવતની મજલિસ ✪

ઈસ્માઈલી તૈયેબી દાઅવતમાં મજલિસનો લફઝ અહલુલ બૈત (અ.સ.) ના વક્તથી ઈસ્તેમાલ થાય છે જેનો મતલબ ઝમાના મુજબ બદલાતો રહ્યો છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ પુરમલાલ બાદ આપના લખ્તે જિગર નૂરે નઝર મૌલાતોના ફાતેમા ઝહરા (અ.સ.) પહેલા ઝાલીમની મજલિસમાં પધારા અને ફિદકની ઝમીનના આપ જ વારિસ છે, તે વાસ્તે તારીખી તકરીર અને હુજ્જતો-દલીલ પૈશ કીધી. આપના કલામ સાંભલીને તમામનાં આંગલાઓ પોતાના મૂઁહમાં નંખાયા. આ પહેલા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)ની ૨૩ વરસ રિસાલતના દૌરાન આપની આપના અસ્હાબ સાથેની બેઠકને મજલિસ કહેવામાં આવતી હતી.

ઝાહેરી ખલીફાઓના ઝમાનમાં આહિસ્તા-આહિસ્તા આ લફઝે એક દરબારી બેઠકની સમઝ ઈખ્તેયાર કીધી અને મોઆવીયાહ અને તેની જગા પર આવનાર ઊમય્યાહ ખલીફાની ખિલાફતને દૌરાન અને આલે મોહંમદ (સ.અ.વ.વ.) ના દુશ્મન બની અબ્બાસની બાદશાહતને દૌરાન આ લફઝ દરબારી બેઠક અને શાહી મજમાઅ વાસ્તે ઈસ્તેમાલ થાતો રહ્યો. આ તરફ ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદતે ઉઝમા બાદ આલે મોહંમદના અઈમ્મતે તાહેરીને (અ.સ.) ઈલ્મી અને મઝહબી વાઅઝની બેઠક, દીની બહેસ અને શરીઅતની નશરો ઈશાઅતના હલકાઓ અને ઝિક્રે વાકેયએ કરબલા અને મૌ.હુસૈન (અ.સ.) ની હક્કાનીયત વાસ્તે આ લફઝને આમ લોગોની સમઝ વાસ્તે ઈસ્તેમાલ કીધો.

ફાતેમી ઈમામોની હુકૂમતની નોર્થ આફ્રીકામાં ૩૦૦ હિ.ના માથા પર બુનિયાદ નંખાઈ અને ઈમામ આલી મકામ વાસ્તે કસ્રે આલી બંધાયા. તેના બરાબર બાઝુમાં અવામને શીઈ-ઈસ્માઈલી અકીદાની તાઅલીમો તરબીયત વાસ્તે બયતુલ હિકમાહ બંધાયું જેમાં ઈલ્મો હિકમતની નહેર જારી કરવામાં આવી. બાઝ વક્ત પર **ઇમામુઝ્ઝમાન (અ.સ.) પોતે અને આમ દિવસોમાં ઇમામના બાબ યા હુજ્જત યા દાઇયુલ બલાગ આ મજાલિસમાં શરીઅતના ઇલ્મની તકરીરો-બયાનો ફરમાવતા અને લોગોને તારીખ-ફિકહ, હલાલ-હરામ ના ઇલ્મી જવાહિરથી આરાસ્તા કરતા.** ફાતેમી સલતનતના ગામે-ગામ અને શહેર-શહેરથી આલિમો, સરદારો, તાલિબે ઈલ્મો અને હિકમતના શૌકીન શખ્સો મિસિર પધારતા તો પહેલા ઈમામના હુજ્જતો તેની ઈલ્મી કાબેલીયત અને ઝહેની સુલાહીયતની છાનબીન-તફતીશ કીધા બાદ તેને વાસ્તે મુનાસિબ ઉસ્તાઝને સોંપતા. આ ઉસ્તાઝ-દાઈ અહલુલ બૈત (અ.સ.) ના ઈલ્મના તલબગારોને હસ્બે શરાફત મજલિસમાં જગા આપતા. આ સિવાય અફઝલ-ખાસ મજલિસ વાસ્તે અકલમંદ-હુશિયાર તાલિબે ઈલ્મોને મુન્તખબ કરતા.

સૈયેદના કાઝીયુન નોઅમાન સાહબ (ક.રૂ.) ઈસ્માઈલી દાઅવતની મજલિસ વાસ્તે ઝિક્ર કરે છે કે, ઈમામ (અ.સ.) ના અમરથી હર જુમ્આની નમાઝ બાદ કસ્રે આલી-મહેલમાં દરસની મજલિસ આરાસ્તા થાતી જેમાં ઈમામે આલી મકામ પધારતા અને અહલુલ બૈત (અ.સ.) ના ઊલૂમથી લોગોને ફૈઝયાબ કરતા. આ જ તરીકાની મજલિસ મિસિરમાં આપ સૈયદના ના ભાઈ અને મગરિબી મુલ્કમાં આપના બાવાજી મજલિસને આરાસ્તા કરતા. આ સિવાય હર મંગલવાર અને જુમેરાતના દિન પણ સલતનતના આલિમો-હકીમો મજલિસ કરતા જે **"મજાલિસુલ હિકમાહ"** ના નામથી મશ્હૂર થઈ, જેમાં ઈમામ આલી મકામ અને દાઈયુદ્દોઆત પણ હાઝિર રહેતા. ખુદ ઈમામ (અ.સ.) લોગો દરમિયાન ઈમામતના નૂરને આશકાર કરતા અને ઈલ્મી ફૈઝ બખશતા. **આ મજલિસો દાઅવતના ખાસ મામૂરીન, ખુદ્દામો, શૈખો, હુદૂદો, મહેલના ખાસ હુદૂદ, મહેલના બૈરાઓ, આમ બૈરાઓ, આમ મુમેનીન વાસ્તે પણ મુખ્તલિફ તૌર-તરીકાથી મુન્અકિદ થાતી.**

સૈ.કાઝીયુન નોઅમાન સાહબ (ક.રૂ.) આપની મજલિસોમાં આપને તસ્નીફ કીધેલી કિતાબો **"દઆઇમુલ ઇસ્લામ"** અને **"તાવીલુદ્દઆઇમ"** ના દરસ લોગોને આપતા હતા અને આ સબબથી આપની આ બે તસ્નીફાત લોગોમાં ઘણી મશ્હૂરો માઅરૂફ થઈ અને લોગોમાં ઈસ્માઈલી ફિકહ, તાવીલ અને તારીખની ઝિક્રે ખૈર થાવા લાગી. આપના આ જ તર્ઝો તરીકા ઉપર ઈમામ મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) ના ઝમાનમાં સૈ.મોઅય્યદ શીરાઝી સાહબની મજાલિસો, **"અલ-મજાલિસુલ મોઅય્યદીયાહ"** અને યમનના તીસરા દાઈએ મુત્લક સૈ. હાતિમ બિન સૈ. ઈબ્રાહીમ (સ.અ.) ની મજાલિસો મશ્હૂર થઈ અને આ તમામ મજાલિસનો મજમૂઓ આજે પણ દાઅવતના ખઝાનામાં મૌજૂદો મહફૂઝ છે. ★

**ગીબત કરનારની દોઆ અલ્લાહની બારગાહમાં મકબૂલ નથી.**

## -::: ઈન્સાનના આઅઝાના ફડકવાની (હરકત કરવાની) તાસીરનું બયાન :::-

(૧) માથું ફડકે તો તમામ તરહની બેહતરી છે.

(૨) પૈશાની ફડકવાથી સફર કરવાની હર બેહતરી હાસિલ થાશે.

(૩) ગરદન ફડકે તો પણ હાલાત સહેલ બને.

(૪) બેવે કાન જો સાથે ફડકે તો ઘણું જ બેહતર.

(૫) જમણો કાન ફડકે તો હાલાતમાં સુલાહીયત આવે.

(૬) જમણા કાનનો ઉપરનો હિસ્સો ફડકે તો ઝઘડો થાય; ડાબા કાન નો જો એ જ હિસ્સો ફડકે તો ઈઝઝત અને મરતબો મીલે.

(૭) ડાબા કાનની બુટ્ટી ફડકે તો ગમગીની મીલે અને જમણા કાનની ફડકે તો જૂના દોસ્તોની મુલાકાત થાય યા તે ખ્વાબમાં આવે.

(૮) જો જમણા કાનને પાછલનો હિસ્સો ફડકે તો લડાઈ થાય અને તેમાં જીત મીલે; ડાબા કાનને પાછલનો હિસ્સો ફડકે તો કોઈ મોહિબ તેની ભલાઈની ઝિક્ર કરે.

(૯) જમણી આઁખના ભવાઁ ફડકે તો અલ્લાહતઆલા અદબવાલા દિકરાની નેઅમત બખ્શે અને ડાબું ભવુઁ ફડકે તો લોગોથી બેપરવાહ થઈ જાય.

(૧૦) બેવે ભવાઁને દરમિયાન નાકને ઉપરનો હિસ્સો ફડકે તો દોસ્તની મુલાકાતથી ખુશી હાસિલ થાય. જમણી આઁખ સાથે તેનું ભવુઁ ફડકે તો દરજો બલંદ થાય; અને ડાબી આઁખ સાથે તેનું ભવુઁ ફડકે તો ગમગીની થાય.

(૧૧) જમણી આઁખનું ઉપરનું પાપણ ફડકે તો દૂરોદરાઝ ઈલાકામાંથી કોઈ ચાહનાર વારિદ થાય, મીલવા આવે; અને ડાબી આઁખને નીચેનું પાપણ ફડકે તો બરકત અને માલ હાસિલ થાય.

(૧૨) ડાબી આઁખનું ઉપરનું પાપણ ફડકે તો દૂરના કોઈ દુશ્મનની મૌતની ખબર આવે; અને જમણી આઁખને નીચેનું પાપણ ફડકે તો દુશ્મન બદકલામી પર ઉતરી આવે.

(૧૩) ફક્ત જમણી આઁખને અંદરનો હિસ્સો ફડકે તો ઉમ્દા અખ્લાકના દાએરામાંથી ખારિજ થઈ જાય અને ડાબી આઁખનો તે જ હિસ્સો ફડકે તો ગમ અને અલમથી નજાત મીલે.

(૧૪) નાકના ગોશતનો હિસ્સો ફડકે તો માલો દૌલત નસીબ થાય અને તેના હાડકાનો હિસ્સો ફડકે તો ગમ દૂર થાય. નાકની નોકને જમણી તરફનો હિસ્સો ફડકે તો બીમારીમાં મુબ્તેલા થાય અને તેની ડાબી તરફનો હિસ્સો ફડકે તો ખુશી હાસિલ થાય.

(૧૫) નાકના જમણા કાનનો હિસ્સો ફડકે તો સઆદત-નૈકી નસીબ થાય અને ડાબા કાનાનો હિસ્સો ફડકે તો બીમારી, મરઝ અને દર્દમાં ગિરફતાર થાય.

(૧૬) મૂઁહને જમણી તરફનો હિસ્સો ફડકે તો ખુશી-ફરહત મીલે અને તેને ડાબી તરફનો હિસ્સો ફડકે તો દૌલત મીલે અને તમામ મૂઁહ ફડકે તો બેહતરીન ગુફતગૂનો સબબ બને.

.....બકીયાહ આવતા શુમારામાં..... ★

---

*Cont. of page No. 2....* ***Promise Yourself....***

- To meet every person with a cheerful smile, to give some time for the improvement of yourself and that you have no time to criticize others.
- To be too large for worry, too noble for anger, too strong for fear and too happy to permit the presence of trouble. ★

**દુનિયાની રૂસવાઈ, આખેરતની રૂસવાઈ કરતા હલકી છે.**

## -::: ઝાત મહેનત ઝિંદાબાદ :::-

હદીસે નબવી છે કે, "અસ-સબરો રાસુલ ઈમાન", સબર કરવો ઈમાનનું માથું છે. જે ચીઝો ઉપર ઈમાન લાવવાનું ફરમાન છે એનું બરાબર પાલન કરીએ પણ જો સાથે સબર ન હોય તો એ ઈમાન એવા જિસ્મ મુજબ છે જેના ઉપર માથું નથી. જેમ માથું હોવાથી કોઇ એક જિસ્મની પહેચાન થાય છે તેમ સબરવાલો શખ્સ જ ઈમાનમાં મુકમ્મલ થઇ શકે છે.

આજના માહૌલમાં રફતારની કીમત છે. જેની અકલ અને હુશિયારીના ઘોડાઓની રફતાર ઝિયાદહ તે બીજાઓને પછાડી આગલ નીકલી જઇ બાઝી મારી જાય છે. આ રફતાર દીનના મામલામાં પણ ઘર કરી ગઇ છે. નમાઝ, પરહૈઝગારી યા નૈકીની નિય્યત એની અસલી હાલતમાં રહી નથી. નમાઝી સોચે છે કે આજે હું નમાઝ પઢું તો અલ્લાહ કેટલા વકતમાં મને તેનો બદલો આપશે ! હરચીઝમાં બારગેનિંગ, વકતની બંદિશ, વકતનો વાઅદો, ગીવ એન્ડ ટેકનો બિઝનેસ. આ રફતારના ચક્કરની ભારી ભરખમ ચટ્ટાનના બોઝના તલે આજે ઈન્સાન ડટાઇ રહ્યો છે, પીસાઇ રહ્યો છે. સબર કરવાની તાકત ઘટી રહી છે અને પોતાના રબ ઉપરન તવક્કુલની સાઁસો કપાઇ રહી છે.

સફર કરવો, જહન્નમના ટુકડા મુજબ છે અને જોવા જઇએ તો આ દુનિયાની અપની ઝિંદગી એક સફર છે. જે કોઇ આ સફરની કઠનાઇને બરદાશ્ત કરી લે, એની હકીકતોના કડવા ઘૂંટને પી લે એને વાસ્તે એની મંઝિલ સુકૂન અને રાહત બખ્શનારી સાબિત થાશે. કોઇ પણ હાલતમાં સબર કરવો યા તેનો મુકાબેલો કરીને સહેન કરવું, એક જ સિક્કાના બે રૂખ છે. અપની ઝિંદગીનો આ સફર એક મોટી તાલીમગાહ છે જેમાં હર મોડ પર કોઇ નવી ચીઝ જાણવા કે શીખવા મીલે છે.

આજે તે જ શખ્સની કીમત છે જે પોતાની ઝિંદગીને ઝિંદાદિલી અને હિમ્મતે મરદાઁથી જીવે. ઈમાનદારી, સહેનશીલતા, મહેનત અને પોતાની આવડત અને પોતાની આવડત પર ઝિંદગીની નીવ મુકેલી હોય. આવા કામિયાબ ઈન્સાનની એક નિદા હોય છે કે, "જે પરિસ્થિતિ-સંજોગો હોય કે આવે તે સહન કરી લો. જેનો નીકાલ ન લાવી શકાય એને હઁસી-ખુશીથી સહન કરી લો. વહેલી સવારથી રાત તક, ભલેને સેંકડો અણગમતી ચીઝો, તકલીફો યા અડચણો આવે, તેમ હોવા છતા સહન કરતા શીખો. ખુદાતઆલા સબર કરનારાઓની સાથે છે. આમ કરવાથી તમારામાં સબર કરવાની તાકત વધશે, મન મઝબૂત થાશે અને કામિયાબ થાવાની ઉમ્મીદ જાગશે. નતીજારૂએ છુપાયેલા નુકસાનને દેખાતા ફાયદામાં ફેરવી શકાશે, અણગમતા કામોને મનગમતા બનાવી શકાશે."

આ તરહના લોગોના એક જ નારો હોય છે, "ઝાત મહેનત ઝિંદાબાદ." બીજા અલ્ફાઝમાં કહીએ તો "પારકી આસ સદા નિરાશ." અપની પાયાની ઝરૂરીયાતો વાસ્તે અપને પારકા પર આધાર રાખવો જોઇએ નહીં. આવી પરાધીનતા જ અપની ઝહેની સુકૂનનો કાતિલ છે. ખુદમાં રહેલી તાકાતને બહાર કાઢીશું તો એ તાકત અપના મનને મઝબૂત કરશે, આમ અપને અપના ખુદાની તાકાત તરફ પહોંચી શકીશું. જે અપની તાકાતને ખૂબ જાણે છે અને અપને કઇ ચીઝ બરદાશ્ત કરી શકીશું એ પણ એને ખબર છે. વલ્લાહો આઅલમો બિસ સવાબ.

બીજા ઉપર ભરોસો કરવો (પરાવલંબન) એ દુઃખ છે; પોતાની ઝાત પર યકીન રાખવું (સ્વાવલંબન) એ સુખ છે. વાસ્તે સ્વાવલંબી બનો. અલબત્તા, જો તમેં પૂરા દિલથી કોશિશ કરશો તો તમને માલૂમ પડશે કે આવા ઘણા કામો છે જેમાં તમેં સ્વાવલંબી બની શકો છો. પોતાના કપડા કાઢવા, મેલા કપડાઓને એક જાનિબ મુકવા, જોડાને સાફ કરવા, રૂમમાં તમારી પડેલી ચીઝોને એની જગા ઉપર મુકવી, પોતે ઘરની ચીઝ-વસ્તુઓને લાવવી, કપડાને અસ્ત્રી કરવા, કીચનમાં નાના-નાની ચીઝો પોતે બનાવી લેવી, કોમ્પ્યૂટર પર પોતે જ બધું ટાઇપ કરવું. આ કામો તમારે રોઝ ઝાતે કરવા તેવું ઝરૂરી નથી. ઝાતે કરતા શીખો અને પછી જોવ કે આ નાના લાગતા કામો પણ તમને વકતે ઝરૂરત કેટલી મદદરૂપ સાબિત થાય છે. ★

**સચ્ચાઈ સુકૂને કલ્બ આપે છે અને જૂઠ બેચૈની ની બલા લાવે છે.**

**દીનમાં નમાઝની જગા એ મુજબ છે જેમ જિસ્મમાં માથાની હોય છે.**

**મક્કાર અને ઠગબાઝ જહન્નમમાં મોઅઝઝબ થાનાર છે.**

## -::: મદીનતુલ મસાઈલ :::-

### -::: ઝિયારતે કબર :::- કિસ્ત : ૨

**સવાલ (૪) : જમાઅત સિવાયના ઝાહિરના લોગોની કબરોની ઝિયારત થાય કે નહીં, જેઓ આલે મોહંમદ ઇમામુઝ્ઝમાન (અ.સ.) ની દાઅવતના મુખાલિફ હોય અને "અલવીયત" ના હક્કના રસ્તાથી ફીરી ગયા હોય ?**

**જવાબ** : જે લોગો અપના અઈમ્મત અને દોઆત સલવાતુલ્લાહે અલયહિમ અજમઈનના દીને હક્ક પર ન હોય, દાઅવતે હક્કના સાહબ દાઈયુઝ્ઝમાન સાથેના રૂહાની રિશ્તા-નાતાને તોડે યા ઉલિલ અમ્ર જેને "નસના સબબ" અલ્લાહતઆલાએ શરીઅતની હિફાઝતનો હુકમ આપેલો છે તેની મોહબ્બતો ઉલ્ફતના દાએરામાંથી નીકલી જાય, એ લોગોની કબરોની ઝિયારત અપના અહલુલ બૈત (અ.સ.) ના મઝહબમાં જાઈઝ નથી.

અપના અકીદા મુજબ જે શખ્સ અલ્લાહતઆલાની આ દાઅવતની ઈતાઅત-પૈરવીને મુકે, મુન્હરિફ થાય, સચ્ચાઈને છોડીને ગૈર લોગોના ગિરોહમાં મીલી જાય, ગદ્દારી પર ઉતરી આવે તો તેની મિસાલ એ મુજબની છે, જેમ એક શખ્સ પોતાના ઘરમાં યા ફેક્ટરીમાં એના બુઝુર્ગો યા સુપરવાઈઝરના કહ્યામાં ન રહે, મનમાની કરે અને સામના પર ઉતરી આવે. કયામતના દિન આવા નાફરમાન શખ્સનું ઝમાનાના ઈમામ સાથે ઉઠવું નહીં થાય અને એની **હર હાલમાં શફાઅત-મગફેરત નહીં થાય.**

સૈયેદના બુરહાનુદ્દીન દાઊદજી બિન કુતુબશાહ (ક.રૂ.) ને આપના મુકાસિરે દાઅવતે હક્ક સૈયેદી અમીનજી બિન જલાલ (રિ.અ.) એ મુખાલિફ અને ઝાહિરના લોગોની કબરોની ઝિયારત વાસ્તે સવાલ કીધો. તો આપ સૈયેદનાએ ફરમાવું કે, **શું મુશ્કો અંબરને કોઇ આકિલ કચરાની ગંદકી સાથે મીલાવે ?** સૈયદી સાહબે જવાબ આપો કે, ના, અય મૌલા ! કોઈ વક્ત ન મીલાવાય. આપ સૈયેદનાએ ફરમાવું કે, તો પછી જેઓ "**બિસ્મિલ્લાહ**" કે "**સૂરતુલ ફાતેહા**" ની બુનિયાદી શનાખ્ત જ ન રાખતા હોય તેની મગફેરત વાસ્તે ફાતેહા કેમ પઢાય ?

દાઅવતે હક્કના હુદૂદ જેમ કે દાઈએ મુત્લક, માઝૂને મુત્લક, મુકાસિરે મુત્લક, તે સાહબો જેઓને દાઈએ હક્કએ રઝાના રૂત્બામાં શામિલ કીધા હોય, દાઈએ હક્કના ઝૌજાહ-મુતાહહરાહ, પોતાના માઁ-બાવાજી યા રિશ્તેદારો તેમજ શોહદા-મુમેનીનની કબરોની ઝિયારત સિવાય દીગર દેહલીઝો, આસ્તાના કે ઠેકાણાઓ પર મુમેનીનથી હરગીઝ જવાય નહીં, નઝર-મિન્નત લેવાય નહીં, ફૂલ-ચાદર-ગિલાફ ચઢાવાય નહીં અને એના વાસ્તે ખૈરાત કે જમન જમાડાય નહીં. જેનો રૂહાની ઈત્તેસાલ-રાબેતો ઈમામુઝ્ઝમાન તૈયેબુલ અસ્રે વલ હીન અલયહિમુસ્સલામની દાઅવતે હક્ક સાથે ન હોય અને નાઈબે ઈમામ દાઈયુઝ્ઝમાન સાથે બયઅતો મીસાક નો રિશ્તો-નાતો રાખતો ન હોય એના ફાતેહા પઢાય જ નહીં.

**સવાલ (૫) : શું અગર માઁ-બાવાજી યા કે ઘરના ફરઝંદો હક્કની જમાઅતથી રિશ્તાને તોડી નાંખે અને ગૈર લોગો સાથે દીનનો રિશ્તો કાઇમ કરે તો તે મુખાલિફો વાસ્તે ફાતેહા પઢાય યા મગફેરતની દોઆ થાય ?**

**જવાબ** : આવા મુરતદ્દ અને મલઊન લોગોની મગફેરત વાસ્તે કોઈ દોઆ ન પઢાય.

**સવાલ (૬) : મરહૂમ મુમિનની કબર પર રૂબરૂ ન જઇ શકાતું હોય તો ઘરના લોગો દરમિયાન એના નામના ફાતેહા પઢાય કે નહીં ?**

**જવાબ** : કોઈ અગર ઝાતી તૌર પર તકલીફના સબબ મરહૂમની કબર પર ઝિયારત વાસ્તે ન જઈ શકતું હોય તો ઘરમાં કોઈ પણ તરીકાથી મરહૂમની રૂહની તકદીસ વાસ્તે ફાતેહા પઢી શકે છે. પછી તે જમન બનાવે, નિયાઝ તકસીમ કરે યા મુખ્તસર મીઠાશ હોય, નિય્યતે મગફેરત વાસ્તે મરહૂમના હક્કમાં દોઆ થઈ શકે છે. ★

**પારકા બૈરો પર તારી પહેલી નઝર માફ છે, બીજી નઝર ગુનાહ છે અને તીસરી નઝર ઈબ્લીસનો ઝહેરીલો તીર છે.**

**તમારા દીન માંથી પહેલી ચીઝ જે અછત થાશે તે અમાનતદારી છે અને આખિરી ચીઝ જે અછત થાશે તે નમાઝ છે.**

**ઈન્સાનની આદતોનો દારોમદાર, એની કેવા લોગો સાથે સોહબત છે, તેના પર હોય છે.**

## -::: લફઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે આ “લફઝી કશ-મ-કશ” ની સિરિઝ દોબારહ શુરૂ કરવામાં આવે છે. જેમાં ચંદ સવાલાત આપેલા છે અને તેના જવાબ મુતાબિક ખાના મુકેલા છે. આ ખાનાઓમાં જે જગા સર્કલ દોરેલું છે તે હુરૂફનો ઈસ્તેમાલ કરી નીચે આપેલા “ફાઈનલ સવાલ” નો જવાબ તલાશ કરવાનો રહેશે.

બધા જવાબોને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો :

**સવાલો :**

(૧) અલ્લાહતઆલાએ ઈસા રૂહુલ્લાહ (અ.સ.) પર કઈ કિતાબ નાઝિલ કીધી ?

(૨) દોસ્ત, હમદમ.

(૩) સૂરતુલ અલકનો પહેલો લફઝ કયો છે ?

(૪) ડાબા હાથથી જિસ્મના બે મખ્રજ (જયાંથી નજાસત નીકલે છે) ને દરમિયાનની જગા ને વુઝૂ પહેલા સાફ કરવાને શું કહે છે ?

(૫) મોહબ્બત રાખનાર, આશિક, ચાહનારો.

**ફાઇનલ સવાલ :**

✲ મુસા કલીમુલ્લાહ (અ.સ.) ની કૌમનું નામ શું છે?

➡ **ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :**

(૧) મ જ બૂ ર (૨) ઈ બ લી સ

(૩) ઈ તા અ ત (૪) અ ન સા ર

(૫) ઝા લિ મ

**ફાઇનલ જવાબ :** અ બૂ તા લિ બ

તરકીબના સહી જવાબો આપનાર :

**ખદીજાબુ નાદેઅલી હઝારીવાલા.** ★

## -::: અઝીઝો દવા છે જિહાલતની ઈલ્મ, હુસ્નુસ સવાલ નિસ્ફુલ ઈલ્મ :::-

## આકેલાના સવાલ અડધું ઈલ્મ છે.

“અલ-હાદી” ના ગયા મહીનાના શુમારામાં જે મઝામીન (લેખો) આપવામાં આવા હતા તેમાંથી ૫ સવાલાત નીચે આપેલા છે. કારેઈનથી ઈરશાદ છે કે, આ સવાલોના જવાબો પોસ્ટ કાર્ડ પર લખી યા e-mail કરી યા રૂબરૂ આવી નીચે આપેલા હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ મી તારીખ પહેલા મોકલી આપે. જવાબો સાથે પોતાનું નામ, સરનામું અને ફોન (હોય તો) સાફ સુથરા હુરૂફમાં લખે. ૨૦ મી તારીખે હમેં તમામ જવાબ આપનારમાંથી તેનો જ ઈન્તેખાબ કરીશું જેના **કમમાં કમ ૪ જવાબો** સાચા હશે. તે બાદ ડ્રો થાશે અને જે ખુશકિસ્મત નું નામ તેમાં નીકલશે તેનું નામ હમેં ઈન્શાઅલ્લાહ “અલ-હાદી” ના આવતા મહીનાના શુમારામાં સહીહ જવાબો સાથે ઝાહિર કરીશું. તો બિસ્મિલ્લાહ બોલો, કલમ ઉઠાવો, યકીન સાથે જલ્દીથી જવાબો લખી મોકલી આપો :

(૧) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના કાકાજી સાહેબા જે મુમેના હતા, તેનું શું નામ છે ?

(૨) શરમગાહના બાલને કેટલા દિવસ કરતા વધારે રહેવા દે નહીં ?

(૩) બૈરોમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને નઝદીક કૌન ઝિયાદહ મેહબૂબ હતું ?

(૪) તમારી વાતની જ્યાં કદર ન થતી હોય તો શું કરવું જોઈએ ?

(૫) ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિયારત કરવામાં કેટલો સવાબ છે ?

**ગયા શુમારાના જવાબો :**

(૧) ૪ ઝિલકાદ ૫૨૬ હિ. (૨) બંદાનું નૂર બુઝાય જાય છે. (૩) ઈલ્મ. (૪) સેહત. (૫) ૨૧. ★

**હમેશા અલ્લાહની રેહમતનો હાથ જમાઅત ઉપર હોય છે અને જમાઅતથી નીકલનાર પર અલ્લાહનો અઝાબ હોય છે.**

**દૌલતના સબબ ઈઝઝત, તમારા વાસ્તે ફક્ત દુનિયામાં છે, આખેરતમાં તો ઝિલ્લત છે.**

**એક પાક દામન બૈરો પોતાની અચ્છાઈઓથી તેનું ઘર જન્નતનો નમૂનો બનાવી શકે છે.**

## હિકમતના લોગો વાસ્તે –::: " હકીમસાબ " ના નુસ્ખા :::–

### Worms - કીરમ (કીડા)

* બચ્ચાઓને પેટમાં કીરમ પડવાની તકલીફ આમ તૌર પર જોવા મીલે છે. આ તકલીફ નાનપણથી લઈને મોટી ઉંમરના બચ્ચાઓને હોઈ શકે છે.
* ડૉક્ટરો બચ્ચાને કીરમ મારવાની દવા ઝિયાદહ તર cases માં આપતા જ હોય છે. બચ્ચાની સેહતનો પૂરો ખયાલ અને સાફ-સફાઈ (hygiene) ને બાવુજૂદ આ તકલીફ બચ્ચાને અવાર-નવાર ઘણી વક્ત થાતી રહે છે.
* પેટમાં પડતા કીરમ ચાર તરહના હોય છે :
  (૧) Thread worms - જેના લીધે બચ્ચાને સંડાસની જગહ પર રાતના વક્ત ખુજલી થવાની શિકાયત રહે છે જેના સબબ એની ઉંઘમાં ખલલ (પરેશાની) પડે છે.
  (૨) Round worms - આ તે તરહના કીરમ છે જે બચ્ચાની સંડાસમાં જોવા મીલે છે અને તે સફેદ રંગના હોય છે.
  (૩) Hook worms - આ કીરમ નરી આંખે જોઈ શકાતા નથી મગર તેના ઈંડા સંડાસના ઝરીએ નીકલે છે અને તેની તપાસ stool examination થી કરી શકાય છે.
  (૪) Tape worms - આમ તૌર પર આ તરહના કીરમ ઝિયાદહ જોવામાં આવતા નથી.
* હર તરહના કીરમ તેની ખુસૂસી (selective) જગહ પર પેટમાં રહે છે અને તે જ જગહ પર તાઅદાદમાં વધે છે, multiply થાય છે, જેમકે, મોટા અને નાના આંતરડા (intestines) માં, સંડાસ નીકલવાની જગહ પર, વગૈરા.
* કીરમ હોવાના સબબ બચ્ચાને નીચે મુજબની તકલીફો થઈ શકે છે :
  (૧) Hook worms હોવાના સબબ બચ્ચાને કમઝોરી આવે છે, anemia થાય છે જેના સબબ વારંવાર બચ્ચું બીમાર પડે છે. એક Hook worms એક દિવસમાં 0.15 ml ખૂન નાના આંતરડા માંથી ચૂસે છે. Hook worms તેના ઈંડા હઝારોની ગિનતીમાં પૈદા કરે છે.
  (૨) બચ્ચુ જે કંઈ ગિઝા (ખોરાક, જમન) લે છે, તે કીરમ હોવાના સબબ બચ્ચાને તેનો ફાયદો પહોંચતો નથી અને તેને nutrition મીલતું નથી. એનો નતીજો એ આવે છે કે ઉમદા ખોરાક લેવાને બાવુજૂદ બચ્ચાનું બદન વધતું નથી.
  (૩) બચ્ચાને વારંવાર શરદી થાવાની યા ખાંસી થાવાની તકલીફ થઈ શકે છે.
  (૪) અગર કીરમની તાઅદાદ આંતરડામાં ઘણી વધી જાય તો એવા ચુનંદા cases માં intestinal obstruction (કીરમના લીધે આંતરડા block થવા) થઈ શકે છે.
* કીરમ ના લીધે સંડાસની જગહ પર થતી ખુજલી ને કમ કરવાને વાસ્તે તે જગહ પર vaseline લગાવી શકાય છે.
* અગર બચ્ચાની સંડાસમાં કીરમ જોવા મીલે તો જલ્દીથી એનો ઈલાજ કરાવવો ઘણો ઝરૂરી છે.
* કીરમ ની તકલીફને હંગામી (temporary) તૌર પર દૂર કરવાને વાસ્તે નીચે આપેલી દવાઓ લેવી :
  - જે વક્ત બચ્ચાને સંડાસની જગહ પર ખુજલી થતી હોય અને સાથે સાથે નાક ને અંદર પણ બેચૈની હોય, નાની વાતો પર ગુસ્સો આવતો હોય અને irritable (ચીડીયલ) થઈ જતો હોય તો તેને Cina 30, ત્રણ ગોલી દિવસમાં બે વક્ત (સવાર-સાંજ) એક અઠવાડીયાને વાસ્તે આપવી.
  - જે વક્ત કીરમ મારવા વાસ્તે બધા ઉપચાર અને નુસ્ખા નાકામ રહ્યા હોય તો તે હાલતમાં બચ્ચાને Teucrium 30, ત્રણ ગોલી દિવસમાં બે વક્ત (સવાર-સાંજ) એક અઠવાડીયાને વાસ્તે આપવી.
* બચ્ચાને જ્યારે કીરમની તકલીફ વારંવાર થતી હોય તો તેનો detail માં case લેવો ઝરૂરી છે જેને બાદ Regular Treatment થી એનો મુકમ્મલ તૌર પર ઈલાજ થઈ શકે છે.

આ તકલીફના સિલસિલામાં વધારે માહિતી જોઈતી હોય યા બચ્ચાને ઝાતી તૌર પર ડોકટરની મુલાકાત વાસ્તે લઈ જાવાની ઝરૂરત પૈશ આવે તો ડોકટર સાહબના મો.નં.: ૯૯૨૫૮૪૪૫૯૯ પર એપોઈન્ટમેન્ટ લઈ શકાય છે. ★

**માઁ-બાપની ખુશી સાથે અલ્લાહની ખુશી જોડાયેલી છે.**

## -::: ગુલ્શને ફિકહ :::-

### દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝની ઝિક્ર

- અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **"હુર્રેમત અલયકુમુલ મયતતો વદ દમો વ લહમુલ ખિન્ઝીર"**, યાઅની તમારા ઉપર મુરદાર, ખૂન અને ખિન્ઝીરનો ગોશ્ત હરામ કરવામાં આવો છે. આ આયતે શરીફાહની સમઝ એ છે કે, મુરદારની ખાલ, ઊન, બાલ, હાડકા યા એની કોઇ પણ ચીઝ કમ યા ઝિયાદહ હરામ છે. જે વક્ત અલ્લાહતઆલાએ ખિન્ઝીર (સૂવર) ના ગોશ્તને હરામ કીધો તો પછી સૂવર કુલ્લી તૌર પર હરામ છે, એની હર ચીઝ હરામ છે.
- અહલુલ બૈત (અ.સ.) થી રિવાયત છે કે, મુરદાર યા ખિન્ઝીરની કોઇ પણ ચીઝનું વેચવું યા ખરીદવું હરામ છે. આમાંથી બનેલી ચીઝથી ફાયદો લઇ શકાય છે, જેમકે ઓઢવામાં યા બીછાવવામાં લઇ શકાય છે પણ નમાઝ પઢવામાં લઇ શકાય નહીં. આવી નાપાક ચીઝોને ઈસ્તેમાલ કરવામાં જેટલો થઇ શકે એટલો પરહેઝ કરે. **મુરદારની કોઇ પણ ચીઝ રંગવાથી યા ધોવાથી પાક થઇ શકે નહીં.**
- ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, મુરદારની ખાલો પર નમાઝ પઢવી હરામ છે ભલે ને તેને બરાબર ધોવામાં આવે, ઘસવામાં આવે યા રંગવામાં આવે. મુરદાર નજિસ છે, નાપાક છે, એને કોઇ તરહથી પણ પાક કરી શકાય નહીં.
- ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, મુરદારની ખાલ પર યા એમાંથી બનેલા લિબાસમાં નમાઝ ન પઢાય, ભલે ને તેના પર ૭૦ વાર રંગ ચઢાવવામાં આવો હોય. એવા ચોપાયાની ખાલો જેની ઝબીહત કરવામાં આવી નથી તેની હર ચીઝ નાપાક છે, લેહાઝા એ ખાલ પર નમાઝ ન પઢી શકાય, તેમજ એને વેચાય યા ખરીદાય નહીં. જે ચોપાયાની અલ્લાહના નામ પર ઝબીહત કરવામાં આવી હોય એની ખાલોને નમાઝમાં ઈસ્તેમાલ કરવું યા એને વેચવું કે ખરીદવું જાઇઝ છે.
- મૌલાના ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) પાસે ઈરાકનો એક જુબ્બો હતો જેને આપ ઘણી વક્ત પહેરતા હતા. મગર આપને એ યકીન ન હતું કે તે ઝબીહતના જાનવરમાંથી બનેલો છે. તેથી આપ તે જુબ્બાને નમાઝમાં ઉતારી લેતા અને બીજા લિબાસને ઈખ્તેયાર કરતા.
- મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને મેં એમ કહેતા સાંભલા છે કે, **"મુરદારની ખાલ અને હાડકાથી ફાયદો ન લઇ શકાય."** પછી બીજે દિન મેં આપના સાથે ઘરથી નીકલો તો રસ્તામાં બકરીનું એક મુરદાર બચ્ચું પડેલું જોયું. આપે (સ.અ.વ.વ.) ફરમાવું કે, આ બચ્ચાવાલા એની ખાલથી ફાયદો લેતા તો શું વાંધો હતો ? મેં કહ્યું કે, યા રસૂલુલ્લાહ, ગઈકાલનો આપનો કૌલ કહાઁ ગયો કે, મુરદારની ખાલથી ફાયદો ન લઈ શકાય ! આપે ફરમાવું કે, અય અલી, મારા કહેવાની મુરાદ એ હતી કે, તે મુરદાર બચ્ચાની ખાલમાંથી લેહાફ (કવર) બનાવીને ફાયદો લઇ શકાય છે જે બદનને ન લાગવું જોઇએ. ★

## -::: ઝરૂરી એલાન :::-

**ધોરણ ૧૦ (SSC) : ૮૦% યા તેથી વધુ**

**ધોરણ ૧૨ (HSC) સાયન્સ/કોમર્સ : ૭૫% યા તેથી વધુ**

**ગ્રેજ્યુએશન/પોસ્ટ ગ્રેજ્યુએશન : ૬૦% યા તેથી વધુ**

કોઇ પણ માધ્યમ યા decipline માં તાઅલીમ લઇ રહેલા જમાઅતના હુશિયાર-હોશમંદ ફરઝંદો-દુખ્તરો જે ઉપર આપેલા ક્લાસોના ફાઈનલ ઈમ્તેહાનમાં અવ્વલ Performance અને આઅલા માર્કસ સાથે કામિયાબ થયેલા હોય એ તમામથી હમારી ગુઝારિશ છે કે, આ મહીનાની ૧૫ તારીખ તક કૌમી નૂરાની લિબાસમાં પોતાનો પાસપોર્ટ સાઈઝ ફોટો અને માર્કશીટની કોપી રૂા.૨૦/- સાથે "અલ-હાદી" ના એડ્રેસ પર યા મુલ્લા અમીરૂદ્દીન ઝરીવાલાને રૂબરૂ આવી આપી જાય.

આ સિવાય મુમેનીનના ફરઝંદ-દુખ્તર માંથી કોઈએ સ્કૂલ-કોલેજ યા કોઇ પણ પ્રોજેક્ટ યા કોમ્પીટીશનમાં ગૈરમાઅમૂલી કાબિલે ઝિક્ર કારકિર્દગી હાસિલ કીધી હોય તો તેઓ પૂરી વિગત હમને પહોંચતી કરે. ઈન્શાઅલ્લાહ હમેં હત્તલ ઈમ્કાન એની હોસલા-અફઝાઈ કરીશું અને Website ના "Shining Stars" ના માતહત એની ઝિક્રે ખૈર થાશે. ★

**નમાઝ હરએક મુત્તકી-પરહૈઝગારની કુરબાની છે.**

## -::: તસ્હીલુન નિસ્બત :::-

### નિસ્બતને સહેલ કરવાની તદબીર

**દિકરાઓ :**

(૧) નામ : ઈફતેખારહુસૈન ઝકીયુદ્દીન બગીચાવાલા
ઉંમર : ૩૫ વરસ
ભણતર : SSC
સરનામું : બાવામાનપુરા, પાણીગેટ.
કામકાજ : નોકરી
પગાર : રૂા. ૩૫૦૦/-
તજવીઝ : ઘરેલું પરહેઝગાર દિકરીના રિશ્તાની અરઝ છે.
ફોન : ૯૩૭૬૬૧૯૪૧૬.

-----------------------

**દિકરીઓ :**

(૧) નામ : ડૉ. મારીયા એ. ઠાકરાવાલા
ઉંમર : ૨૪ વરસ
ભણતર : ફીઝીયોથેરાપી અને એક્યુપંકચર.
સરનામું : તૈયબી પાર્ક, આજવા રોડ.
કામકાજ : પ્રાઈવેટ પ્રેક્ટીસ.
આવક : અંદાઝન રૂા. ૮૦૦૦/-
તજવીઝ : દીનદાર, ભણેલા દિકરાના રિશ્તાની અરઝ છે.
ફોન : ૨૫૨૦૨૨૭/૯૩૨૭૬૧૦૭૭૭

-----------------------

ઉપર આપવામાં આવેલી વિગતો હમને અરઝદારે આપેલી છે. મુમેનીન કોઈ પણ અરઝદારને સાથે વાત કરતા પહેલા જો એની પહેચાન જાણવા માંગતા હોય તો હમારા ફોન નં.:૦૨૬૫-૨૫૮૦૨૭૭ (ભાઈસાહેબ કમ્બરઅલી) પર બપોરે ૩:૩૦ થી ૪:૩૦ તક જાણી શકશે. મુમેનીન અરઝદારને એના આપેલા ફોન પર ઝાતી કોન્ટેક્ટ પણ કરી શકે છે. રિશ્તો કરવા વાસ્તે કોઈ પણ નતીજા પર આવતા પહેલા મુમેનીનને અરઝદારની વિગતની તેહકીકાત ઝાતી તૌર પર કરવાની રહેશે.

આ કોલમમાં નિસ્બત વાસ્તે અરઝ આપવી હોય તો રૂબરૂમાં લેખિતમાં હમારૂં ફોર્મ ભરીને ભાઈસાહેબ કમ્બરઅલી ભાઈ (ન્યૂ ઓપ્ટીક હાઉસ, ચોખંડી) ને આપવાની રહેશે. અરઝદાર જો પોતાની અરઝને નામ સાથે છાપવા માંગતા હોય તો એ પણ હમેં કુબૂલ કરીશું. વડોદરાથી બાહર રહેતા મુમેનીન પોતાના રિશ્તેદારો ના ઝરીએ અરઝ આપી શકે છે. અરઝ આપવાનો હદીયો રૂા.૫૦/- મુકર્રર કરવામાં આવો છે. મહીનાની ૧૦ તારીખ પહેલા અરઝ મોકલવા મુમેનીનને દિલી ગુઝારિશ કરવામાં આવે છે. ★

## -::: મુલાહેઝા :::-

✱ મુમેનીન પોતાના કસબ-વેપાર, દુકાન, કારખાના, ઘરેલુ હુનર, ફનકારી ની ઝાહેરાત “અલ-હાદી” માં આપવા માંગતા હોય તો તેઓથી મહીનાની ૧૫ તારીખ તક પોતાની પૂરી વિગત હમારા એડ્રેસ પર મોકલી આપવા ઈલ્તેમાસ છે :

ઝાહેરાતની સાઈઝ : 3 x 2 Inches
મુદ્દત : 3 મહીના : 150/- રૂા.
6 મહીના : 300/- રૂા.
1 વરસ : 600/- રૂા. ★

✱ કોઈ પણ ખુશી-ગમીના મૌકાની ખબર જમાઅતના ભાઈઓને આપવા વાસ્તે મુમેનીન હવે “અલ-હાદી” ના ઝરીએ કરી શકશે. તે વાસ્તે મહીનાની ૧૫ તારીખ તક પોતાની ખબરને હમારા એડ્રેસ પર પહોંચાડવાની રહેશે અને તેનો હદીયો રૂા.૫૦/- રાખવામાં આવેલો છે. નીચે આપેલા મૌકાઓ વાસ્તે ખબર આપી શકાય છે :

- સાલ ગિરાહ.
- ઈમ્તેહાનમાં બેહતરીન પરફોર્મન્સ.
- મરહૂમના ચાલીસમુ, છમ્માસી યા વરસી.
- નિસ્બત.
- મદ્રસામાં દિકરા-દિકરીએ કીધેલા ખત્મુલ કુરઆન.
- જદીદ મીસાક.
- હજ્જ, કરબલા, મિસિર, યમનની ઝિયારતનો શરફ. ★

## -::: Our Shining Stars :::-



The examination of ‘International Mathematics Olympiad’ was held on 31st January, 2008, which our Brother **Shabbirhusain Mohammadali Paghdiwala** passed with distinctive performance and was awarded **“Gold Medal”** by Science Olympiad Foundation. Du’a-e-khayr for his success in future also. ★

**શુક્ર કરીને જમનારને સબ્ર કરનાર રોઝદારનો સવાબ મીલે છે.**

## -::: ઝાહેર ખબર :::-


અમારે ત્યાં ડી.એક્સ.એન કંપનીની વસ્તુઓ, કોકોઝી, કોફી તથા બગાસરાની વસ્તુઓ, કોસ્મેટીક અને ઈમીટેશનની વસ્તુઓ મીલશે.

**સકીના એ. રંગવાલા    આમેના એન. ફેન્સીવાલા**

મો.: ૯૮૯૮૩ ૮૨૯૭૨

વાડી, બદરી મોહલ્લા, વડોદરા - ૧૭. ★

**************************

અમારે ત્યાં કોટન, પંજાબી સુટ, પડદા, નેપકીન, ચાદરો ના જોટા, નમાઝી કપડાં, રિદામાં પહેરવાની ટી શર્ટ તેમજ બગાસરાની બધી વસ્તુઓ વ્યાજબી ભાવે મીલશે.

**તરન્નુમ બી. નડીયાદી    જેનબ ટી. નડીયાદી**

મો.: ૯૩૭૪૫૧૧૭૭૬

એ-૬, બોરસલી એપાર્ટમેન્ટ, આજવા રોડ, વડોદરા - ૧૯. ★

**************************

**ન્યુ સૌંદર્ય જ્વેલર્સ (રિયાઝભાઈ)**

જુના સોના-ચાંદી, નંગ, મોતીના દાગીના, તેમજ જુની ઝરી-તાર કસબની સાડીઓ લેનાર, વેચનાર, બનાવનાર.

માંડવી સર્કલ પાસે, ગેંડીગેટ રોડ, વડોદરા - ૧૭.

મો.: ૯૮૨૪૯૪૮૭૪૬. ★

**************************

**Badruddin Sir's**

**BRIGHT BRAINS TUTORIALS**

Batches for Std. X (Eng.) Starting from 18th April 2008.

For Instant Enrollment Contact :

**9898343324**

C/o. Vohra Classes, Opp. Ali Chambers II, Sardar School Lane, Ajwa Road, Vadodara. ★


## -::: ભૂલ :::-

- ➢ ભૂલ થાવાથી ડરવું એ મોટી ભૂલ છે.
- ➢ હરએક ભૂલ ઝિંદગીનો એક અહમ સબક છે.
- ➢ ભૂલ કીધા બાદ એમાં સુધારો લાવવો એ કામિયાબીના રસ્તે આગલ વધવું છે.
- ➢ ભૂલ નીકાલનાર જાણી લે કે તેએ પણ અસંખ્ય ભૂલ કીધેલી છે.
- ➢ ભૂલ ન કરનારો ઊંચો શખ્સ બની શકતો નથી.
- ➢ હર ઈન્સાન ભૂલ પર સવાર થાનાર છે.
- ➢ ભૂલ થાવાના ડરથી કોઈ કામ કરાય તો તે મુકમ્મલ થાય છે.
- ➢ ભૂલ કરનારને પોતાની ભૂલની ખબર હોય તો તે હમેશા વાસ્તે ચેતતો રહે છે.
- ➢ ભૂલથી પણ કોઈએ એમ ન કહેવું જોઈએ કે તે કોઈ વકત ભૂલ કરતો નથી.
- ➢ ભૂલથી આત્મવિશ્વાસ વધે છે. ★

**************************


Since 1994

Vali Sir's    Nazneen Madam's

**LOKHANDWALA PERSONAL TUITION CLASS**

Personal Tuition for

K.G. to Std. 7 (Eng. & Guj. Med.) (All Subjects)

Std. 8 to 10 (Eng. & Guj. Med.) (All Subjects)

Std. 11 & 12 Commerce (Eng. & Guj. Med.) (All Subjects)

- **1/259, Gopal Colony, Rampark, Ajwa Road, Vadodara.**
- **Wadi, Badri Mohalla, Opp. Delawala House, Vadodara.**

Ph.: (R) 0265-2565715 (M) 992 4828 433.

**************************


**જે શખ્સ જમાઅત છોડીને જાય તે જાહેલીયત-ગુમ્રાહીની મૌત મરશે.**


સાલાના લવાઝેમાત (Yearly Subscription)

**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**

મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**

નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા, વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૨૫૮૩૯૪૯.

ખિદમતગુઝાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**

(નફીસ, મુંબઈ) ફોન : ૯૮૨૦૮૩૮૮૨૪. ★